ISSN: 2319-202X

# શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલનો વિનિયોગ

ડૉ.ભાવેશ આઈ રાવલ
આચાર્ય, શ્રી મહાવીર વિધ્યા મંદિર ટ્રસ્ટ બી.એડ્ કૉલેજ, પાંડેસરા, સુરત
Mo. 9428020168 Email:- ravalb09@gmail.com

વ્યવહારમાં વિવિધ સંશોધનોના પરિણામે માનવજીવન લાભાન્વિત થતું રહ્યું છે. શિક્ષણક્ષેત્ર પણ તેના પ્રભાવ હેઠળ છે. ૨૧મી સદીમાં પ્રત્યાયન તકનીકોમાં થયેલ આવિષ્કારોમાં મોબાઈલ ક્રાંતિકારી ગણાય. પ્રારંભમાં મોબાઈલ અને તે સંબંધી શોધોમાં મર્યાદિત ઉપયોગની સંભાવનાઓ જણાતી હતી. જો કે છેલ્લા દાયકામાં એન્ડ્રોઈડ, ઈન્ટરનેટ અને વિવિધ એપ્લીકેશનોના આગમને મોબાઈલના માધ્યમથી દરેક ક્ષેત્રને મુઠ્ઠીમાં લાવી દીધું છે. શિક્ષણ આ પ્રભાવથી કેવી રીતે બાકાત રહી શકે! મોબાઈલ એક પ્રકારની લત (addiction) છે. જે વપરાશકારનો સમય, શક્તિ બંને હરી લે છે. પણ મોબાઈલ અંગે એક તરફી વિચારનાર સૌ કોઈ વિદ્યાર્થીઓને દૂર રાખવાનો આગ્રહ રાખે છે. સરકારે શિક્ષણ સંસ્થાઓમાં મોબાઈલને ‘NO ENTRY’ના પરિપત્રો પાઠવેલ છે. આમ, શિક્ષણ કે શિક્ષક પ્રશિક્ષણ જેવા ક્ષેત્રે મોબાઈલ નુકસાનકારક બને છે, એવી માન્યતા અને અનુભવોમાં સત્ય શું એ જાણવા ‘મોબાઈલ અને શિક્ષક પ્રશિક્ષણ’ વિષય પર અભ્યાસ હાથ ધરવાનું નિર્ધાર્યું. અભ્યાસ અંતર્ગત શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલનો વિનિયોગ કઈ રીતે કરી શકાય? તાલીમાર્થીઓની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં મોબાઈલના વિનિયોગની રીતો કઈ કઈ છે? મોબાઈલના વપરાશથી તાલીમાર્થીઓની આંતરક્રિયા અને અભિવ્યક્તિ પર શી અસર થાય છે? તે જાણવાનો પ્રયાસ થયો હતો. આ માટે તાલીમાર્થીઓને મોબાઈલના માધ્યમથી જોડવા પ્રશિક્ષણના વિવિધ ઘટકોમાં મોબાઈલને સક્રિય માધ્યમ તરીકે દાખલ કર્યું હતું. અભ્યાસ અંતર્ગત ૪૬ તાલીમાર્થીઓને સહેતુક પસંદ કર્યા હતા. જે પૈકી ૪૦ તાલીમાર્થીઓ પાસેથી સ્વાનુભવ અંગે માહિતી પ્રાપ્ત થઈ હતી. પ્રશિક્ષણની સમગ્ર પ્રક્રિયા દરમિયાન માહિતી પ્રાપ્તિ માટે સહભાગી અવલોકન પત્રક અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથન નોંધનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કર્યું હતું. જેના મુખ્ય તારણોમાં–તાલીમાર્થીઓએ મોબાઈલનો શિક્ષક પ્રશિક્ષણમાં વિનિયોગને આવશ્યક ગણાવ્યો હતો. શિક્ષક

પ્રશિક્ષણમાં હાજરી, પૂરક માહિતી શોધવા, વ્યાખ્યાન નોંધ આપવા, સ્વાધ્યાય, સૂચના પ્રદાન, સંશોધન સાર, મુદ્દાઓ સંદર્ભે દશ્ય–શ્રાવ્ય સ્રોત, પુસ્તક, સામયિકો, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ઈ–મેઈલ, વોટ્સઅપ, ફેસબુક, જર્નલ, મેસેજની ઉપલબ્ધતા અને તેના ઉપયોગ મોબાઈલનો અધ્યયન માટે ઉપયોગમાં માર્ગદર્શનની આવશ્યકતા જણાઈ હતી. તાલીમાર્થીઓને નવા ખ્યાલનો પરિચય કરાવવામાં આવે તો તેનો ઉપયોગ કરતાં હતા. તાલીમના વિવિધ તબક્કે મોબાઈલ સમસ્યા નિવારક બનતો હતો. જયારે મોબાઈલનો અભાવ, ઈન્ટરનેટ માટે થતું ખર્ચ, ઝડપ ઓછી, આવશ્યકતા સિવાય મોબાઈલ પાછળ ખર્ચાતો સમય, વિવિધ એપ્લિકેશનની જાણકારીનો અભાવ કે વિનિયોગની અક્ષમતા, અંગ્રેજી નબળું હોવું જેવા પ્રશ્નો મોબાઈલના વિનિયોગ સામે મુખ્ય પડકારો તરીકે ગણાવ્યા હતા.

શિક્ષક પ્રશિક્ષણમાં અધ્યાપકોએ અને તાલીમાર્થીઓએ વિવિધ કાર્યો સ્વતંત્ર કરવાના હોય છે. તો કેટલાંક સહભાગી રીતે. પ્રશિક્ષણમાં માધ્યમથી સમાજમાં નવીન પ્રવાહો, શોધો અને વિચારોને અમલમાં લાવી શિક્ષકોને તૈયાર કરવાના હોય છે. આથી જ પ્રશિક્ષણની પ્રક્રિયા દરમિયાન મોબાઈલ જેવા અસરકારક માધ્યમને અધ્યયન અધ્યાપન પ્રક્રિયાથી અલિપ્ત રાખવું પોસાય તેમ નથી. શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં કેટલાક પેડાગોજીક વિષયોમાં M–Learning નો સમાવેશ સૂચક છે.

૨૧મી સદીમાં પ્રત્યાયન તકનીકો પૈકી મોબાઈલની શોધ ક્રાંતિકારી છે. આજે Moblogs – Mobile Web Logs એ આધુનિક તકનિક છે. જેમાં ભવિષ્યનું વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. યુનિવર્સિટી ઓફ લખનૌના ડેપ્યુટી લાયબ્રેરીયન જ્યોતિ મિશ્ર એ નોંધ્યું છે કે – Componants, Pedagogy, Delivery, Communication અને Feedback ની બાબતે ચડિયાતું છે. આથી E–Learning ને સ્થાને M– Learning અપનાવવું જોઈએ. એવું કહી શકાય કે – 'Mobile technology is changing the classroom in obvious way' જે શિક્ષણક્ષેત્રે અસરકારક બનવાની વિશેષ સંભાવના ધરાવે છે. છેલ્લા દાયકામાં એન્ડ્રોઈડ, ઈન્ટરનેટ અને વિવિધ એપ્લીકેશનના આગમને શિક્ષણના ક્ષેત્રને વિશાળતા, ખૂલ્લાપણું અને સ્વ–અધ્યયનની સંભાવનાઓથી મબલખ બનાવ્યું છે. આધુનિક પ્રવાહોમાં શિક્ષક પ્રશિક્ષણ પણ મોબાઈલના પ્રભાવથી કેવી રીતે

બાકાત રહી શકે? મોબાઈલ સૌ કોઈ વિદ્યાર્થીઓને આકર્ષે છે. આથી જ શિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણ જેવા ક્ષેત્રે મોબાઈલના વિનિયોગની સંભાવનાઓ જાણવા, ચકાસવા શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલનો વિનિયોગ કઈ રીતે કરી શકાય? એ મુખ્ય આશય સાથે 'મોબાઈલ અને શિક્ષક પ્રશિક્ષણ' વિષય પર અભ્યાસ હાથ ધરવાનું નિર્ધાર્યું.

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતસર હાથ ધરાયો હતો.

1) શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલના વિનિયોગની શક્યતાઓ ચકાસવી.
2) તાલીમાર્થીઓની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં મોબાઈલના વિનિયોગની રીતો જાણવી.
3) મોબાઈલના વપરાશથી તાલીમાર્થીઓની આંતરક્રિયા અને અભિવ્યક્તિ પર થતી અસરો જાણવી.
4) મોબાઈલના શિક્ષક પ્રશિક્ષણમાં વિનિયોગ સામેના અવરોધો જાણવા.

**અભ્યાસના પ્રશ્નો**

અભ્યાસ દરમિયાન નીચેના પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

1) શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલના વિનિયોગ થઇ શકે? કઈ કઈ બાબતોમાં?
2) તાલીમાર્થીઓની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં મોબાઈલનો વિનિયોગ કઈ કઈ રીતે થઇ શકે?
3) મોબાઈલના વપરાશથી તાલીમાર્થીઓની આંતરક્રિયા અને અભિવ્યક્તિ પર કેવી અસર થાય છે?
4) શિક્ષક પ્રશિક્ષણમાં મોબાઈલના વિનિયોગ સામે કયા કયા અવરોધો રહેલા છે?

**અભ્યાસનું મહત્ત્વ**

- પ્રસ્તુત અભ્યાસથી શિક્ષણમાં તાલીમાર્થીઓને મોબાઈલના વિનિયોગ વિશે જાણવા, શીખવા મળશે.
- મોબાઈલનો શિક્ષણમાં અને ખાસ કરીને પોતાના વિષયમાં ક્યાં? ક્યારે? અને કેવી રીતે ઉપયોગ કરવો? તેની સૂઝ પ્રાપ્ત થશે.

- ➢ મોબાઈલના શૈક્ષણિક વિનિયોગ માટે આવશ્યકતાઓ અને જરૂરી કૌશલ્યો બાબતે તાલીમાર્થીઓની ખૂબી–ખામીઓ સંદર્ભે સ્પષ્ટ થઈ શકાશે.

**ક્ષેત્ર મર્યાદા**

- પ્રસ્તુત અભ્યાસ શિક્ષક પ્રશિક્ષણમાં કાર્યરત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા–સુરત પૂરતો સીમિત હતો.
- અભ્યાસ અંતર્ગત કૉલેજમાં અભ્યાસ કરતાં વર્ષ:૨૦૧૭–'૧૮ના કુલ ૪૬ તાલીમાર્થીઓને સમાવવામાં આવ્યા હતા.
- અભ્યાસ અંતર્ગત માહિતી પ્રાપ્તિ માટે અધ્યાપકોના અવલોકન નોંધપત્રક અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથન નોંધનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા–સુરત ખાતે બી.એડ્.નું પ્રશિક્ષણ પ્રાપ્ત કરતાં પ્રથમ વર્ષના ૪૬ તાલીમાર્થીઓ પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ બને છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં લેતાં બધા જ તાલીમાર્થીઓને નમૂના તરીકે સ્વીકાર્યાં હતા. આમ, પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ એ જ નમૂનો હતો.

**અભ્યાસ માટેનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષક પ્રશિક્ષણ અંતર્ગત મોબાઈલના વિનિયોગથી તાલીમાર્થીઓના અધ્યયન–અધ્યાપન, આંતરક્રિયા, અભિવ્યક્તિ જેવી બાબતોના અભ્યાસ માટે અવલોકનનોંધ પત્રક (પરિશિસ્ટ–૧) અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથનની નોંધ (પરિશિસ્ટ–૨) નો ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

શિક્ષક પ્રશિક્ષણ દરમિયાન મોબાઈલનો વિનિયોગ કરતાં તાલીમાર્થીઓની આંતરક્રિયા અને અભિવ્યક્તિનું અવલોકન કરી નોંધ કરવામાં આવી હતી. શિક્ષણ પ્રશિક્ષણના અંતે તાલીમાર્થીઓના સ્વાનુભવકથનની નોંધ કરાવી હતી. માહિતીનું એકત્રીકરણ શિક્ષક પ્રશિક્ષણ દરમિયાન કરવામાં આવ્યું હતું.

**માહિતી વિશ્લેષણની રીત** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવાં માટે ગુણાત્મક પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અવલોકનનોંધ અને સ્વાનુભવકથનના આધારે તરેહ મેળવવામાં આવી હતી.

ISSN: 2319-202X

## અભ્યાસના તારણો

- તાલીમાર્થીઓએ મોબાઈલનો શિક્ષક પ્રશિક્ષણમાં વિનિયોગને આવશ્યક ગણાવ્યો હતો.
- શિક્ષક પ્રશિક્ષણમાં હાજરી, પૂરક માહિતી, વ્યાખ્યાન નોંધ, સ્વાધ્યાય, સૂચના પ્રદાન, સંશોધન સાર, મુદ્દાઓ સંદર્ભે દશ્ય–શ્રાવ્ય સ્રોત, પુસ્તક, સામયિકો, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ઈ–મેઈલ, વોટ્સઅપ, ફેસબુક, જર્નલ, મેસેજ જેવી બાબતોમાં મોબાઈલનો ઉપયોગ કરતાં હતાં.
- મોબાઈલ દ્વારા અધ્યયન માટે ઉપયોગ અંગે માર્ગદર્શનની આવશ્યકતા જણાઈ હતી.
- તાલીમાર્થીઓને મોબાઈલ સંદર્ભે નવા ખ્યાલનો પરિચય કરાવવામાં આવે તો તેનો ઉપયોગ કરતાં હતા.
- તાલીમના વિવિધ તબક્કે મોબાઈલ સમસ્યા નિવારક બનતો હતો.
- અંગ્રેજી ભાષામાં અનુવાદ, વ્યાકરણ, શબ્દ ભંડોળ, ઉચ્ચારણ જેવી બાબતો શીખવી સરળ બની હતી.
- ઝેરોક્ષ ખર્ચ, સાહિત્ય વહન ખર્ચમાં ઘટાડો થયો હતો.
- મોબાઈલનો અભાવ, ઈન્ટરનેટ માટે થતું ખર્ચ, ઝડપ ઓછી જેવી બાબતો મુખ્ય અવરોધો હતા.
- આવશ્યકતા સિવાય મોબાઈલ પાછળ ખર્ચાતો સમય, વિવિધ એપ્લિકેશનની જાણકારીનો અભાવ કે વિનિયોગની અક્ષમતા, અંગ્રેજી નબળું હોવું જેવા પ્રશ્નો પણ મોબાઈલના અસરકારક ઉપયોગના અવરોધક હતા.

## સંદર્ભસૂચિ

પારેખ, બી. અને ત્રિવેદી, એમ. (૧૯૯૪). શિક્ષણમાં આકડાશાસ્ત્ર. (ચતુર્થ આવૃત્તિ). **અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.**

રાવલ, એન. (૨૦૦૩). શિક્ષણમાં અનુદેશ તકનિકી. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: નીરવ પ્રકાશન.

શાહ, ડી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ). **અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.**

**પટેલ, એચ.( જુલાઈ ૨૦૦૦).** Mobile What n idea sirji ! **આદિત્ય કિરણ (માસિક).** p.p.૧૩–૩૩.